CITY pulse
email: citypulse@gujaratmitra.in
ગુજરાતમિત્ર
શુક્રવાર ૨૬ જુન, ૨૦૨૬ 

# વરણામાથી વૈશ્વિક વેપાર સુધી ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર

# મધ્ય ગુજરાત બન્યું 'લોજિસ્ટિક્સ પાવરહાઉસ'



### એક માલગાડી એટલે 400 ટ્રકોનું કામ

ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના સંપૂર્ણ અમલીકરણ બાદ દેશના રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ભારે ટ્રાફિકમાં અંદાજે 40 ટકા સુધીનો ઘટાડો નોંધાઈ શકે છે.એક માલગાડી એકસાથે લગભગ 400 ટ્રકો જેટલો માલ વહન કરી શકે છે. જેના કારણે માર્ગ અકસ્માતો, ટ્રાફિક જામ, ઈંધણ વપરાશ અને વાહનોના પ્રદૂષણમાં પણ ઘટાડો થશે.

### દૂધસાગર ડેરીનું ઉદાહરણ : પરિવહન ક્રાંતિનો જીવંત પુરાવો

ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરનો સૌથી મોટો ફાયદો કૃષિ અને ડેરી ક્ષેત્રને થયો છે. મહેસાણાની દૂધસાગર ડેરીમાંથી દિલ્હી સુધી દૂધના ટેન્કર પહોંચાડવામાં અગાઉ ૧૭ કલાકનો સમય લાગતો હતો. ટ્રક ઓન ટ્રેન (TOT) સેવા શરૂ થયા બાદ હવે આ સમય માત્ર ૭ કલાક રહ્યો છે.આ ફેરફારથી હજારો લીટર ડીઝલની બચત થઈ રહી છે, સાથે જ દૂધની ગુણવત્તા જાળવવામાં પણ મદદ મળી રહી છે. પરિવહન ખર્ચ ઘટતા ગ્રાહકોને પણ આડકતરી રીતે તેનો લાભ મળી રહ્યો છે. માલપરિવહન માર્ગ પરથી રેલવે તરફ ખસેડાતા કાર્બન ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે. હજારો ટ્રકોના બદલે માલગાડીઓ દ્વારા પરિવહન થવાથી ઈંધણની બચત સાથે ગ્રીનહાઉસ ગેસનું પ્રમાણ પણ ઘટશે.

### ફેક્ટ ફાઈલ

- વડોદરા જિલ્લાના **૩૦ ગામોમાંથી** પસાર થાય છે
- માલગાડીઓની ઝડપ ૨૫થી વધીને **૭૦ કિમી પ્રતિ કલાક**
- દરરોજ **૧૧૦થી ૧૪૦** માલગાડીઓ દોડાવવાની યોજના
- મુંબઈ, મુન્દ્રા, પીપાવાવ કંડલા પોર્ટ સાથે **સીધી કનેક્ટિવિટી**
- વડોદરામાં **ગતિશક્તિ કાર્ગો** ટર્મિનલનું આયોજન

## માલગાડીઓની ઝડપમાં ત્રણ ગણો વધારો, દૂધના ટેન્કર હવે દિલ્હી માત્ર 7 કલાકમાં : ખર્ચ અને કાર્બન ઉત્સર્જનમાં મોટી બચત

ભારતના આર્થિક વિકાસમાં લોજિસ્ટિક્સ અને પરિવહન વ્યવસ્થાને કરોડરજ્જુ સમાન ગણવામાં આવે છે. ઝડપી, સસ્તી અને વિશ્વસનીય પરિવહન વ્યવસ્થા કોઈ પણ રાજ્યની ઔદ્યોગિક પ્રગતિ માટે અનિવાર્ય છે. ગુજરાતમાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની પૂર્વભૂમિકામાં જો કોઈ એક પ્રોજેક્ટ મધ્ય ગુજરાતના ભવિષ્યને નવી દિશા આપી રહ્યો હોય તો તે છે વડોદરા જિલ્લાના વરણામા ખાતે કાર્યરત ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC). ભારતીય રેલવેના પરંપરાગત ટ્રેક પર મુસાફર અને માલગાડીઓ એકસાથે દોડતી હોવાથી વર્ષો સુધી માલપરિવહનની ગતિ ધીમી રહી હતી. તેની સીધી અસર ઉદ્યોગો, નિકાસકારો અને ગ્રાહકો સુધી પહોંચતી હતી. પરંતુ હવે ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરે આ સ્થિતિમાં ક્રાંતિકારી પરિવર્તન લાવ્યું છે. વડોદરા જિલ્લાના ૩૦ ગામોમાંથી પસાર થતો આ વિશેષ કોરિડોર માત્ર મધ્ય ગુજરાત જ નહીં, પરંતુ દેશના સમગ્ર પશ્ચિમ ભાગના વેપાર અને ઉદ્યોગ માટે 'ગેમ ચેન્જર' સાબિત થઈ રહ્યો છે. હાલમાં દરરોજ ૫૦થી ૭૦ માલગાડીઓ આ રૂટ પર દોડી રહી છે, જ્યારે આગામી મહિનાઓમાં તેની સંખ્યા વધીને ૧૧૦થી ૧૪૦ સુધી પહોંચવાની સંભાવના છે. પરિણામે જૂના ટ્રેક પરથી માલગાડીઓનું ભારણ ઘટશે અને પેસેન્જર ટ્રેનોને વધુ ઝડપ અને સમયપાલનનો લાભ મળશે.

## નવા રોકાણોને મળશે મજબૂત આધાર, વરણામાનો ડીએફસી મધ્ય ગુજરાતની ઔદ્યોગિક કાયાપલટનું મુખ્ય ચાલકબળ બન્યો

"વાઈબ્રન્ટ ગુજરાત માત્ર નવા રોકાણોનું મંચ નથી, પરંતુ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર જેવી આધુનિક સુવિધાઓના આધારે ગુજરાતને વૈશ્વિક લોજિસ્ટિક્સ પાવરહાઉસ બનાવવાની દિશામાં આગળ વધતું એક વિઝન છે."






### વાઈબ્રન્ટ ગુજરાતને મળશે મજબૂત પાયો : ગુજરાત વૈશ્વિક સપ્લાય ચેઈનનું કેન્દ્ર બનશે

વડોદરા ખાતે યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ નવા રોકાણો આકર્ષવાનો છે. પરંતુ કોઈપણ રોકાણકાર માટે શ્રેષ્ઠ લોજિસ્ટિક્સ અને ઝડપી પરિવહન વ્યવસ્થા સૌથી મોટી જરૂરિયાત હોય છે.વરણામાનો ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર માત્ર રેલવે પ્રોજેક્ટ નથી, પરંતુ તે મધ્ય ગુજરાતને દેશના સૌથી મોટા ઔદ્યોગિક અને લોજિસ્ટિક્સ હબમાં પરિવર્તિત કરનારી વિકાસગાથા છે. આવનારા સમયમાં જ્યારે ગુજરાત વૈશ્વિક સપ્લાય ચેઈનનું કેન્દ્ર બનશે, ત્યારે તેની પાછળ વરણામાનો આ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર સૌથી મજબૂત આધારસ્તંભ તરીકે યાદ કરવામાં આવશે.

### સૌથી વ્યસ્ત રેલ નેટવર્કને રાહત

દેશના ગોલ્ડન ક્વાડ્રિલેટરલ રેલ નેટવર્ક પર કુલ ટ્રેક કિલોમીટરના માત્ર 16 ટકા ભાગ પર 58 ટકા માલપરિવહનનો ભાર છે. વર્ષો સુધી આ રૂટ તેની મૂળ ક્ષમતા કરતાં 150 ટકા વધુ દબાણ હેઠળ કાર્યરત રહ્યો હતો. ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર શરૂ થતાં માલગાડીઓ માટે અલગ ટ્રેક મળ્યો છે, જેના કારણે પરંપરાગત ટ્રેક હવે પેસેન્જર ટ્રેનો માટે વધુ ઉપલબ્ધ બનશે. પરિણામે વધુ ટ્રેનો દોડાવી શકાશે અને મુસાફરોને સમયસર સેવા મળી શકશે. જૂના ટ્રેક પરથી માલગાડીઓનું ભારણ ઘટશે અને અન્ય ટ્રેનોને પસાર થવામાં તકલીફ પડશે નહીં.

### રાજ્યના નિકાસકારો માટે કેમ છે આશીર્વાદ?


- જવાહરલાલ નેહરુ પોર્ટ સાથે ઝડપી જોડાણ
- મુન્દ્રા, પીપાવાવ અને કંડલા બંદરો સુધી સીધી કનેક્ટિવિટી
- માલ ઝડપથી પહોંચતા નિકાસ ખર્ચમાં ઘટાડો
- આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધાત્મકતા વધશે
- નવા ઉદ્યોગો અને રોકાણોને મળશે વેગ

### 1.83 લાખ રોપાઓ સાથે સામાજિક વનીકરણ વિભાગ પ્રકૃતિ સંવર્ધનનું બની રહ્યું છે મજબૂત કેન્દ્ર

# હરિયાળું વડોદરા I સયાજીબાગ નર્સરીથી વિકસે છે ગ્રીન રેવોલ્યુશનની નવી કહાની

### સયાજીબાગ નર્સરી I શહેરના ફેફસાંને હરિયાળા રાખતું જીવંત કેન્દ્ર






આબોહવા પરિવર્તન, વધતું તાપમાન અને ઘટતી હરિયાળી આજે સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય છે. આવા સમયમાં વડોદરાના સામાજિક વનીકરણ વિભાગે પ્રકૃતિના સંવર્ધન અને પર્યાવરણ સુરક્ષાની દિશામાં એક પ્રેરણાદાયી પહેલ ઉભી કરી છે. કારેલીબાગ વિસ્તારમાં બાલભવન સામે આવેલી સયાજીબાગ નર્સરી આજે માત્ર એક નર્સરી નથી, પરંતુ સમગ્ર વડોદરા જિલ્લાની હરિયાળી ક્રાંતિનું હૃદય બની ગઈ છે. વર્ષ 1977-78માં સ્થાપિત આ નર્સરી 1 હેક્ટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલી છે અને અહીં હાલમાં 1 લાખ 83 હજારથી વધુ રોપાઓ તૈયાર હાલતમાં ઉપલબ્ધ છે. વિવિધ કદની પોલીબેગમાં ઉછેરવામાં આવેલા આ રોપાઓ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષારોપણ માટે ઉપયોગમાં લેવાય છે.

ગરમાળા,ગુલમોહર, કરંજ, કંચનાર, રક્તચંદન, નીલગીરી, આંબા, જામફળ, સરગવા, રાયણ અને નગોડ સહિત 30થી 40 જાતના છોડ અહીં ઉછેરવામાં આવે છે. આ નર્સરી માત્ર રોપાઓનું ઉત્પાદન કરતી નથી, પરંતુ શહેરના પર્યાવરણનું ભવિષ્ય પણ ઘડી રહી છે. અહીંથી દર વર્ષે એક લાખથી વધુ રોપાઓનું વિતરણ કરવામાં આવે છે, જે શાળાઓ, સરકારી સંસ્થાઓ, ગ્રામ પંચાયતો અને સામાન્ય નાગરિકો સુધી પહોંચે છે.સામાજિક વનીકરણ વિભાગનું કાર્ય માત્ર વૃક્ષો વાવવા પૂરતું સીમિત નથી. વિભાગ દ્વારા ગ્રામ વાટિકા, વન મહોત્સવ, શહેરી વનીકરણ, ખેત વનીકરણ, વિકેન્દ્રિત નર્સરી, કિસાન શિબિર અને કાંઠે વનીકરણ જેવા વિવિધ કાર્યક્રમો દ્વારા હરિયાળી વધારવાના વ્યાપક પ્રયાસો કરવામાં આવે છે. આ પહેલો માત્ર પર્યાવરણને જ લાભ પહોંચાડતી નથી, પરંતુ ખેડૂતોને આર્થિક રીતે સ્વાવલંબી બનવામાં પણ મદદરૂપ બને છે.બીટ ગાર્ડ રસિકા ગાવીતના જણાવ્યા અનુસાર, નર્સરીમાં ઉપલબ્ધ છોડોનું વાવેતર શહેરી વિસ્તારોમાં અર્બન ફોરેસ્ટ તરીકે તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયતની પડતર જમીનો પર કરવામાં આવે છે. વન વિભાગ દ્વારા ખેડૂતો માટે શેઢા-પાળે વાવેતર અને ઓછી ગીચતા બ્લોક મોડલ જેવી યોજનાઓ પણ અમલમાં મૂકવામાં આવી રહી છે, જે પર્યાવરણ અને કૃષિ બંને માટે લાભદાયી સાબિત થઈ રહી છે. સયાજીબાગ નર્સરી દરેક નાગરિકને હરિયાળું ભવિષ્ય સર્જવા આમંત્રણ આપે છે. એક વૃક્ષ માત્ર ઓક્સિજન આપતું સાધન નથી, પરંતુ આવનારી પેઢીઓ માટેની અમૂલ્ય ભેટ છે. જો દરેક નાગરિક એક વૃક્ષ વાવી તેનું જતન કરવાનો સંકલ્પ કરે, તો વડોદરા જ નહીં, સમગ્ર ગુજરાત હરિયાળીથી છલકાતું રાજ્ય બની શકે.

### કાશીરાવ ગાયકવાડની છતરી

# પિતા પ્રત્યે પુત્રના પ્રેમનું પ્રતિક



વિશ્વામિત્રી નદીના જૂના પુલ પાસે આવેલી કાશીરાવ ગાયકવાડની છતરી માત્ર પથ્થરનું સ્મારક નથી, પરંતુ એક પુત્રના પોતાના પિતા પ્રત્યેના અતૂટ પ્રેમની અમર ગાથા છે. 1875માં દત્તક લેવાયા બાદ મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાને પોતાના પિતા કાશીરાવ ગાયકવાડને મળવાની મર્યાદિત તક મળતી હતી, છતાં હૃદયનો સંબંધ ક્યારેય ઓછો ન થયો. 1877માં પિતાના અવસાન બાદ તેમની સ્મૃતિમાં આ છતરીનું નિર્માણ કરાયું. અહીં સ્થાપિત પાદુકાઓ 1990 પછી ચોરાઈ ગઈ, પરંતુ પિતા-પુત્રની લાગણીઓ, વિરહ અને પ્રેમની આ કહાની આજે પણ આ છતરીના દરેક પથ્થરમાં જીવંત છે  જટિલ જાળીકામ સાથે રેતીનો પથ્થર, કપાવાળા કમાનો, કોતરેલા સ્તંભો અને અંતિમ ટોચ સાથે પાંસળીદાર ગુંબજ. લોખંડની જાળી અને વેધર પથ્થર તેને ક્લાસિક વારસાની અનુભૂતિ આપે છે.